

# જસ્ટિસ સી. કે. ઠક્કર

**(10/11/1943)**

જામનગરની પ્રાથમિક શાળાના પ્રતિભાવંત શિક્ષકને અકસ્માતે જાંબવત સમા સજ્જનનો ભેટો થતાં કાયદા શાખાના અભ્યાસની અનુકૂળતા કરી આપી પછી તો એક પછી એક પડકારો ઓળંગી સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશપદે દસ વર્ષની યશસ્વી કારકિર્દી નિભાવી નિવૃત્ત થનાર, કાયદાનાં તેમનાં વિવિધ પુસ્તકો કૉલેજથી માંડી કોર્ટ સુધી પહોંચ્યાં છે તેના વિદ્વાન લેખક જસ્ટિસ સી. કે. ઠક્કર.

જામનગરમાં એક પ્રાથમિક શિક્ષક તેમની નોકરી માટે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં જવા ભીડભંજન મહાદેવના બસસ્ટૅન્ડ પર ઊભા છે. જોગાનુજોગ તે સમયે વરસાદ પણ ખૂબ છે. એક બસ આવે છે, પણ જગ્યા નથી. બીજી બસ પણ એમ જ ચાલી જાય છે. શિક્ષક રિક્ષા ઊભી રાખવા પ્રયાસ કરી રહ્યા છે. છેવટે એક રિક્ષા પૅસેન્જર સહિત નજીક આવીને ઊભી રહે છે અને પૅસેન્જર તેમને લિફ્ટ આપે છે. રસ્તામાં રિક્ષામાં બેઠેલા સદ્‌ગૃહસ્થ સવાલ કરે છે, 'શું કરો છો?'

'સ્કૂલ શિક્ષક છું.'

'કેટલો અભ્યાસ કર્યો છે?'

'બી.એ. ઓનર્સ છું.'

'એલએલ.બી. કેમ નથી કરતા?'

'સાહેબ અનુકૂળતા નથી.'

'સારું, આવો, તમારી ફી નહીં લઈએ અમારી લૉ કૉલેજમાં તમારું સ્વાગત છે.' કહેનાર એ સદ્‌ગૃહસ્થ અન્ય કોઈ નહીં પણ શ્રી પ્રતાપરાય ટી. છાયા, હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ, લૉ કૉલેજ, જામનગર અને પ્રાથમિક શિક્ષક હતા સી. કે. ઠક્કર. બસ, આ ઘટનાએ ચમત્કારિક વળાંક આપ્યો. એક પ્રાથમિક શિક્ષકને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સુધી પહોંચાડ્યા અને ગુજરાતને ન્યાયના એક ઉત્તુંગ શિખર સમા કાયદાવિદ્ શ્રી સી. કે. ઠક્કર મળ્યા.

કાયદાનો અભ્યાસ કેવી લગનથી કર્યો હશે કે લૉ કૉલેજમાં પ્રથમ જ દિવસે લેવાયેલ ક્લાસમાં એશબી વિ. વ્હાઇટ, મોહરબીબી વિ. ધરમદાસ અને બંધારણના આમુખ (પ્રીએમ્બલ) 'વી ધ પીપલ ઑફ ઇન્ડિયા'ના લેસન્સ તેમને હજુ એવા ને એવા જ યાદ છે. આવા તેજસ્વી વિદ્યાર્થીનો ફર્સ્ટ ક્લાસ આવે તો તેમાં કોઈ આશ્ચર્યની વાત ન હોઈ શકે. ૧૯૬૭માં

ફરી એક વાર વિદ્વાન ગુરુવર્ય શ્રી પી. ટી. છાયાનું માર્ગદર્શન મળ્યું કે હવે તમે હાઇકોર્ટમાં જાવ અને ત્યાં વકીલાત શરૂ કરો. ગુરુદેવનો આદેશ શિરોમાન્ય રાખી શરૂઆતમાં શ્રી આર. સી. માંકડ અને ત્યાર બાદ શ્રી જિતુભાઈ નાણાવટીને ત્યાં ચેમ્બરિંગ કર્યું. બાર કાઉન્સેલની પરીક્ષા પાસ કરી ૧૯૬૮માં વકીલાતની સનદ લીધી. સાથોસાથ એલએલ.એમ.નો અભ્યાસ પૂરો કરી માસ્ટર ડિગ્રી મેળવી ૧૯૭૦માં સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં પાર્ટટાઇમ લેક્ચરર તરીકે ફરજ બજાવી અને લગભગ વીસ વર્ષ સુધી કાર્યરત રહ્યા. અધ્યયન અને અધ્યાપનમાં કેટલી રુચિ હશે કે આજે પણ મુંબઈમાં આર્બિટ્રેશન માટે જવાનું હોય તો સમય અને સ્થળ એવાં પસંદ કરે છે કે જેથી મીરાં-ભાયંદરમાં આવેલી મહારાષ્ટ્ર જ્યુડિશિયલ ઍકેડેમીમાં લેક્ચર લેવા જઈ શકાય. શરૂઆતનાં વર્ષોમાં જે ખંત અને ચીવટથી કામ કર્યું તેના ફળસ્વરૂપે ૧૯૭૫માં સરકારી વકીલ તરીકે નિયુક્તિ થઈ અને સળંગ સાત વર્ષ સુધી જાળવી રાખી.

વકીલાતના વ્યવસાયની સાથે કાયદાનો અભ્યાસ એ પ્રમુખ ધ્યેય હતું તેથી ધીરે-ધીરે કાયદાનાં પુસ્તકો લખવાનું શરૂ કર્યું. ગુજરાત હાઇકોર્ટ ઍસોસિયેશનમાં સેક્રેટરી તરીકે અને લોક અદાલત અને બંધારણના કાયદાના વિષયની વર્કશૉપમાં પણ તેટલા જ ઉત્સાહ અને કુનેહથી જવાબદારી નિભાવી. આવી વૈવિધ્યપૂર્ણ પ્રતિભાથી સૌ અંજાઈ રહ્યા હતા તે અરસામાં તેઓશ્રી ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પસંદગી પામ્યા અને ૧૯૯૦થી શરૂ કરી દસ વર્ષની સફળ કારકિર્દીએ તેઓશ્રીને મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે હિમાચલ પ્રદેશની વડી અદાલતમાં પહોંચાડ્યા. ૨૦૦૧માં તેઓશ્રી બૉમ્બે હાઇકોર્ટના ચીફ જસ્ટિસ નિમાયા. આ દરમિયાન તેમણે અનેક યાદગાર અને શકવર્તી ચુકાદાઓ આપ્યા છે. જેમાં નૅશનલ પાર્ક પાસે અનઑથૉરાઇઝ્ડ એન્ક્રોચમેન્ટ અંગેનો ચુકાદો પ્રમુખ છે. અત્રે ચીફ જસ્ટિસ તરીકેની ફરજમાં ન્યાય પ્રત્યેની ઊંડી સમજ, નીડર અને નિષ્પક્ષતાપૂર્વકની કામગીરીએ તેઓશ્રીની ખ્યાતિ વધારી.

૨૦૦૨માં તેમના ચીફ જસ્ટિસ તરીકેના કાર્યકાળમાં ટૂંક સમય માટે તેઓએ મુંબઈના કાર્યકારી રાજ્યપાલ તરીકે પણ વિશિષ્ટ ફરજ નિભાવી હતી. વર્ષ ૨૦૦૪માં ભારતની સર્વોચ્ચ અદાલતમાં તેઓ ન્યાયમૂર્તિ તરીકે પસંદગી પામ્યા અને વર્ષ ૨૦૦૮માં માનભેર નિવૃત્ત થયા. આમ એક પછી એક સિદ્ધિનાં શિખરો જે શ્રી સી. કે. ઠક્કરસાહેબે સર કર્યાં છે તે અન્ય માટે આસાન નથી.

વકીલાતની સાથે પુસ્તક લખવાનો પ્રેમ વધતો ગયો અને તેના ફળસ્વરૂપે તેમનાં પચીસથી ત્રીસ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. આ પુસ્તકો કેટલાં આધારભૂત હશે કે 'લેક્ચર્સ ઑન ઍડ્મિનિસ્ટ્રેટિવ લૉ', 'સિવિલ પ્રોસિજર' અને 'ક્રિમિનલ પ્રોસિજર' અનેક લૉ કૉલેજો અને લૉ યુનિવર્સિટીમાં ટેક્સ્ટબુક તરીકે છેલ્લાં પચીસ વર્ષથી ભણાવાય છે. 'લૉ ઑફ રીટ્સ' અને રતનલાલ ધીરજલાલના 'લૉ ઑફ ક્રાઇમ્સ' પણ તેમના દ્વારા પ્રકાશિત થયાં છે. 'Halsbury's Laws of India'માં 'Civil Procedure'નું પ્રદાન તેઓશ્રીનું છે. વકીલો માટે પણ તેઓશ્રીએ 'સિવિલ પ્રોસિજર કોડ' લખેલ છે, જે છ વૉલ્યુમથી પ્રકાશિત થયેલ છે. શ્રી સી. કે. ઠક્કરની બુદ્ધિમત્તા અને લેખનશક્તિથી પ્રભાવિત થઈ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ન્યાયવિદોએ તેમની ભરપૂર પ્રશંસા કરી છે. વીસમી સદીના મહાન ન્યાય વિશારદ લૉર્ડ ડેનિંગે જસ્ટિસ ઠક્કરના પુસ્તક 'ઍડ્મિનિસ્ટ્રેટિવ લૉ'ની પ્રશંસા કરતાં લખ્યું છે : 'I can see that you have done an excellent piece of work, both in analysis and in research. Your constribution for India rivals that of Sir William Wade. I am keeping in a forefront place in my library because, even at my age of 93, I still consider many points of administrative law and I look forward to finding much help from your book.'

'ઍડ્મિનિસ્ટ્રેટિવ લૉ'ના લેખક સર વિલિયમ વેડ પણ જસ્ટિસ

ઠક્કરના પુસ્તકની પ્રશંસા કરતાં લખે છે : ‘Your book is clearly an important contribution to this important subject, which now takes up so much judicial time both in India and in Britain. I can see that it is thorough and scholarly, and I will find it most useful since I try to keep up some acquaintance with Indian Law.’

ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ હિદાયતુલ્લાહના અભિપ્રાય મુજબ : All in all this is an excellent book exhaustive and compelling and it will be a useful adjunct to the books on the subject written by English and American writers.

તો પ્રખ્યાત જ્યુરિસ્ટ જસ્ટિસ કૃષ્ણા ઐયરે ત્યાં સુધી કહ્યું : My pen does no exaggeration when I project Justice C.K. Thakkar as a profound jurist, a scholarly Judge and an author the Denning mould, rate among the many the Bench wrapped in ‘Lordly’ robes.

સર્વોચ્ચ અદાલતમાં જસ્ટિસ ઠક્કરનો લગભગ સાડા ચાર વર્ષનો કાર્યકાળ એક પડકારરૂપ પણ તેટલો જ સંતોષકારક અને સફળ રહ્યો. તેઓશ્રીએ અહીં પણ એક નીડર અને શકવર્તી ચુકાદાઓ આપેલો છે. આર્બિટ્રેશન ઍક્ટના SBP & Co. V. Patel Engineering Ltd.ના કિસ્સામાં સેક્શન-11ના મુદ્દે 6 વિ. 1ના લઘુમતી (ડિસેન્ટિંગ) ચુકાદો આપ્યો, જેને કારણે કાયદામાં સુધારો કરવો પડ્યો. બૅન્ગલુરુમાં સરકારી કર્મચારીઓની 29 દિવસની ઍપાઇન્ટમેન્ટ અપાતી. જો તે કક્ષા ગવર્નમેન્ટ સેન્ક્શન જ ન હોય તો આવા અસંખ્ય કર્મચારીઓને રેગ્યુલર એમ્પ્લૉયમેન્ટનો દરજ્જો ન અપાય. તેઓશ્રીએ અનેક ચુકાદાઓ સરકારની વિરુદ્ધમાં પણ આપ્યા છે.